ગાંધીનગર સમાચાર





## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*નબળો પતિ ગામનો ગુસ્સો, પત્ની પર ઉતારે છે,*
*પતિનો પ્રકોપ 'માતા' નિર્દોષ બાળકને મારે છે.*
*આરે છે નિષ્ફળતાના, તંત્ર હાર્યું છે કોરોના યુદ્ધ*
*કોરોના આક્રોશ 'ખાનગી દવાખાના' પર ભારે છે*
*(વિવિધ પ્રકારની ધમકીઓ!)*

### હાઈકુ

*આભ ને ગાભ*
*રહેતાં નથી છાનાં -*
*કોરોના જેમ !*
*('પોઝિટિવ' વિસ્ફોટ)*

*ફેલાય ચેપ !*
*દાબો, દેખાય બીજે !*
*કેન્સર જેમ !*
*(દર્દીઓની હેરાફેરી)*

### ચિંતન

**બુદ્ધિરુપદ્ધતે તાદ્ગ, યાદ્કર્મ ફલોદ્યઃ ।**
**સહાયાસ્તદશા એવ, યાદ્થી ભવિતવ્યતા ॥**

**ઉપરોક્ત શ્લોક સંસ્કૃત સુભાષિત ભાંડાગારમાંથી આવેલ છે.**

**જે મનુષ્યનાં જે પ્રકારનાં કર્મફળ ઉદય પામે છે તે રીતે તે મનુષ્યની બુદ્ધિ ઉત્પન્ન થયા કરે છે, અને તે મનુષ્યની જેવી ભવિતવ્યતા તે પ્રકારની મિત્રમંડળી અને સહાયકો, સલાહ આપનારા તેમને મળી જતા હોય છે.**

**આપણો જન્મ જેવા કુટુંબ - પરિવાર - પર્યાવરણમાં થાય છે, ત્યાં વિધિ વિધાતા આપણા કર્મ પ્રમાણેનાં તમામ ફળ ભોગવવાનાં હોય, ગરીબી-સમૃદ્ધિ, વાતાવરણ-સંસ્કાર, પાપ-પુણ્ય બધું જ ભોગવી શકાય.**

**ભાવતવ્ય - હોની - થવા કાળ જે થવાનું હોય તે થાય જ છે, એના માટે સહાયતા મદદ - સલાહ પણ એવી જ મળી રહે છે, કાં તો એવી બુદ્ધિ તમારી પાસે આવે છે અથવા તમને એવા વાતાવરણ - જગ્યામાં લઈ જાય છે, પણ જે થવાનું હોય છે તે તો થાય જ છે.**

### સુવિચાર

- માન લેતે હૈં કિ કિસ્મત મેં લઈખે ફૈસલે બદલા નહીં કરતે લેકિન આપ ફૈંસલે તો લીજિયે કયા પત્તા કિસ્મત હી બદલ જાયે - **રોહિત કુલકર્ણી**
- વિજ્ઞાન સમતા આપે છે, અધ્યાત્મ સંતોષ આપે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- દ્રવ્ય, ગુણ, કર્મ, સામાન્ય વિશેષ અને સમવાય એ છ પદાર્થો અને ઈશ્વરના અનુગ્રહથી તમામ દુઃખોની આંત્યતિક નિવૃત્તિનું નામ મોક્ષ છે - **મહર્ષિ કણાદ**
- આખી દુનિયા પ્રેક્ટિકલ થઈ ગઈ, અને અમે લાગણીની આશા રાખીએ છીએ - **ભૂપત વડોદરિયા**
- 'બદમાશ' એટલે ચકરાવે ચડી ગયેલો મૂર્ખ !! - **કવિ કોલરિજ**
- સત્યનો ઝંડો ઊંચે રાખો, તો એ વંદેમાતરમ જ છે,
  ભ્રષ્ટાચારઓને જો તમે ખૂંચો, તો એ વંદેમાતરમ્ જ છે - **મૃગાંક શાહ**
- આજનું ઔષધ : કાનમાં કીડો કે એવું કંઈક જંતુ જાય તો ચૂનો પલાળી તેનું પાણી ઠંડુ પડે, તે બે ટીપા કાનમાં નાખવાથી જંતુ તરત બહાર આવી જાય છે **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

એક સંત હતા, તેમના અગિયાર શિષ્યોને પાંચ વર્ષ સુધી સાધના, યોગ, કરુણા, માનવ સેવા વગેરેનું શિક્ષણ આપ્યું. અંતિમ વર્ષની ગુરુ પૂર્ણિમાએ અગિયાર શિષ્યોને વિશેષ સિદ્ધિ આપવાની હતી. મધ્ય રાત્રીએ અગિયાર શિષ્યોએ વારાફરતી ગુરુ પાસે જવાનું નક્કી કરેલ હતું. ગુરુએ પૂર્ણિમાને દિવસે ધીમેથી બૂમ પાડી : 'રામદાસ આવો !' રામદાસ આવ્યા. તેમને એક વિશેષ સિદ્ધિ આપી. પછી બીજાનો વારો આવ્યો. ગુરુએ ધીમેથી બૂમ પાડી 'હરિહરદાસ પધારો !' પરંતુ હરિહરદાસ તો ઘેરી નિંદ્રામાં હતા તો જાગ્યા જ નહીં. વારાફરતી બધાએ બૂમ પાડી પરંતુ કોઈ જાગ્યા નહીં. દર વખતે રામદાસ જ જાગીને આવે અને ગુરુ તેમને સિદ્ધિ આપે. ઊંઘતાને નહિ જગાડવાનો આશ્રમનો નિયમ હતો. દસેય શિષ્યો ઊંઘતા રહ્યા અને રામદાસ જાગતા રહ્યા! તેથી બધી જ સિદ્ધિઓ તેમને મળી ગઈ. જીવનમાં જાગતા રહેવું જોઈએ. જીવનનું મૂલ્ય સમજી સદ્કાર્યો કરવામાં જાગૃત રહે તેને જ સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે.

# ચીન સાથે ઉતાવળ ન કરાય

### તંત્રીસ્થાનેથી...

ચીન સાથેની તકરારમાં સરકાર ફૂંકી ફૂંકીને પગ મૂકી રહી છે. ચીની વિદેશમંત્રીએ સ્પષ્ટ કર્યું છે કે ગાલવાન ઘાટી ચીનના તાબાનો પ્રદેશ છે. ભારત અમેરિકા સાથેના ચીનના વણસી રહેલા સંબંધોનો લાભ ઉઠાવવા માંગતું હોય તો ચીન એને સહન નહીં કરે. આપણે ગાલવાન ઘાટીને ભારતીય પ્રદેશ માનીએ છીએ. ચીન મોન છે કે ભારતીય સૈનિકોએ ચીની પ્રદેશમાં અતિક્રમણ કર્યું એટલે અથડામણ સરજાઈ હતી અને એ માટે ચીન જવાબદાર નથી. બેઉ દેશના નેતાઓ અને સેનાના ઉચ્ચ અધિકારીઓ વચ્ચે હોટલાઈન પર સંવાદ ચાલુ હતો ત્યારે સ્થળ પર ભારતીય સૈનિકો પર ઓચિંતો હુમલો કરી ચીની સૈનિકોએ સમાધાનની શક્યતાઓને લોહિયાળ બનાવી મૂકી હતી. ચીન એની પ્રચંડ સૈન્ય શક્તિનો હવાલો આપતાં કહેલું રહ્યું છે કે ભારત અને ચીન વચ્ચે સૈન્ય શક્તિના મુદ્દે મોટો તફાવત છે. આ ધમકી સામે ખુદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને કહેવું પડ્યું છે કે ભારત કોઈ પણ પરિસ્થિતિને પહોંચી વળવા સક્ષમ છે. પરંતુ આપણી સેના પણ બરાબર સમજે છે કે આ નાલાયક લુચ્ચુ ચીન છે; પાકિસ્તાન નથી. એની હદમાં ઘૂસીને ઍર સ્ટ્રાઈક કરવાનું જોખમ ભારે પડી શકે છે. ભારતીય સેનાની ત્રણે પાંખો સંભવિત પડકારને પહોંચી વળવા વ્યૂહાત્મક તૈયારી કરી રહી છે. જરૂર પડ્યે અમેરિકા પણ ભારતની પડખે જ રહેશે તે નક્કી છે. આથી ચીન પણ કોઈ ઉતાવળિયું પગલું નહીં જ ભરે એ નક્કી છે. પરંતુ બીજી તરફ એ જે ભારતીય પ્રદેશ દબાવીને બેઠું છે. ત્યાંથી પાછું પણ નહીં હઠે એ પણ નક્કી છે. રાજકીય પક્ષો આ સેન્સિટિવ મુદ્દો સરકારને ભોંઠી પાડવાની તક જરૂર પૂરી પાડી શકે, પણ આવા મુદ્દે અંગત લાભ ખાટવાનો કોંગ્રેસ અને અન્ય વિપક્ષોનો વ્યૂહ બૂમરેંગ થઈ શકે છે. ચીન સામેની ૧૯૬૨નું યુદ્ધ ભારત બહુ ખરાબ રીતે હારી ગયું હતું અને ત્યારે પંડિત નહેરુની સરકાર હતી. તે સમયથી ચીને દબાવી દીધેલો ભારતીય પ્રદેશ આજપર્યંત એના જ કબજામાં છે. ચીન વિસ્તારવાદી વલણ ધરાવતી મહાસત્તા છે અને એની વિરુદ્ધ યુદ્ધમાં ઊતરી ખુવારી વહોરવાનું પગલું ડહાપણ ભર્યું નહીં જ લેખાય કારણ કે ચીનને ઊંચાઈ પરથી હુમલા કરવાની અનુકૂળતા છે. તદુપરાંત પાકિસ્તાન અને નેપાળ જેવા ભારતના પાડોશીઓ પણ એની જબરદસ્ત ભુરકી છે. એવા સંજોગોમાં શ્રેષ્ઠ વિકલ્પ તો સમાધાનકારી વલણ અપનાવી 'જૈસે થે' સ્થિતિ સાચવી રાખવી તે જ હોઈ શકે. એક તરફ પાકિસ્તાન સાથેનું પ્રોક્સિયુદ્ધ તો ચાલુ જ છે. જો ચીન સાથે ભારત અથડામણમાં ઊતરે તો કચ્છ થી કાશ્મીર સુધી પાકિસ્તાની સેના ખડકાયેલી જ છે. સંજોગો બહુ નાજુક છે. દેશ ચાઈનીઝ વાઈરસ કોરોનાના સકંજામાં સપડાયેલો છે. ત્યારે ચીન-પાકિસ્તાન સાથે જંગે ચડવાથી વખત પૂરતી તો વાહવાહી મળી શકે, પરંતુ પરિણામ કેટલું ખતરનાક હોઈ શકે તે પણ વિચારવું જરૂરી છે. બેઉ દુશ્મન રાષ્ટ્રો અણુબોમ્બ ધરાવે છે. ચીન માટે પણ એની સામે ઊભા થયેલા વૈશ્વિક પડકારો છે. આર્થિક મહાસત્તા બનવાની એની નેમ સામે આખી દુનિયા એની સામે વાણિજ્યિક પ્રતિબંધો લાદવા કૃતસંકલ્પ છે. એશિયા ખંડના આ બેઉ દેશો જુગજૂની સાંસ્કૃતિક વિરાસત ધરાવે છે. મોદીના જન્મસ્થાન વડનગરમાં હજાર વર્ષ પૂર્વે ચીની મુસાફર હ્યુએનસંગ આવીને રહ્યો હતો. શું આ સાંસ્કૃતિક સગપણ, ભગવાન બુદ્ધનો કરુણા સંદેશ સરહદી સમસ્યાના સમજણપૂર્વકના ઉકેલની પીઠિકા ન બની શકે ?

# વીજળી સાથે તારો વિયોગ ક્યારેય ન થાવ!



## અમર વારસો

ડૉ. રશ્મિકાન્ત મહેતા

હું કોઈ એક યક્ષ છું. મારા નામની જરૂર નથી. આ કોઈ મારી એકલાની વાત નથી - સૌ કોઈની છે.

હિમાલયથી ઈશાન દિશામાં નગરી અલકા મારું વતન. અમારા રાજા કુબેર. હું એનો સેવક.

ફરજમાં બેદરકારી રાખી હોય, તો સજા ભોગવવી પડે. કુબેરે મને એક વરસ માટે દેશનિકાલ સજા કરી. અપરાધ પત્નીને કારણે હતો. એટલે મેં રામગિરિ પસંગ કર્યો. અહીંનું જળાશય ભગવતી સીયાના સ્નાનથી પવિત્ર થયેલું છે. ઘટાદાર વૃક્ષની છાયામાં આશ્રમ બાંધીને હું રહેવા લાગ્યો.

પરંતુ વિરહની આગે મને દુર્બળ કરી નાખ્યો. બાજુબંધ સરી પડીને કાંડા સુધી આવી ગયું. બાકીનો સમય તો મેં જેમતેમ પસાર કરી નાખ્યો. પરંતુ અષાઢનો પહેલો દિવસ આવ્યો. આકાશમાં મેઘ હતો, પર્વતને વળુંભીને પડ્યો હતો. મારાથી ન રહેવાયું. શ્રીરામે હનુમાન સાથે સંદેશો મોકલ્યો હતો. મને વિચાર આવ્યો - 'હું આ મેઘ સાથે યક્ષિણીને સંદેશ મોકલું, શું મને ખબર નથી, કે આ મેઘ તો માત્ર ધૂમાડો, પ્રકાશ અને પવનનું સંયોજન છે? પરંતુ વિરહની વ્યાકુળતા વધી જાય, તો ચેતન અને અચેતનનો ભેદ ભુલાઈ જાય. મેઘને જોઈને, સ્વસ્થ માણસ પણ વ્યાકુળ થાય, તો મારી તો વાત જ શી કરવી.'

મેં મેઘને કહેવાનું શરૂ કર્યું. 'જો ભાઈ! તને મારી માગણી છે. ન થાય, તો વાંધો નહિ. હલકાં લોકો માગણી સંતોષે, તો પણ એની પાસે ન જવાય. તું તો મહાન છો, પુષ્કળ અને આવર્તકના વંશમાં જન્મ્યો છો. દેવરાજ ઈન્દ્રનો પ્રધાન પુરુષ છો. તારે અલકામાં યક્ષિણી પાસે સંદેશ લઈ જવાનો છે. મારી તને આ યાચના છે.'

તું અહીંથી અલકા જવા નિકળીશ, ત્યારે રસ્તામાં - નર્મદા નદી આવશે. કોતરોમાંથી પસાર થાય, એટલે એની ગતિ વિષમ થઈ જાય. તારો માર્ગ ભલે આંડો ફૂંટાય, તો પણ તારે ઉજ્જયિની તો જવાનું જ. સમી સાંજે મહાકાળની આરતી થતી હોય. ત્યારે તારે મંદ ગર્જન કરવાનું. એ રીતે જાણે કે નગારું વગાડવાનું. અલકાનગરીના દેવી વૈભવની વાત જ ન થાય. આંગણે બાલમંદારનું વૃક્ષ દેખાય. એ મારું ઘર, ત્યાં તને મારી ભાભી મળશે.

એ પીંજરમાં રહેતી મેનાને પૂછતી હશે - 'રસિકડી, તું જેને પ્રિય હતી, એ સ્વામીને કયારેક યાદ કરે છે?' એ નિંદરમાંથી સફાળી બેઠી થઈ જશે અને એનાં બંને હાથ પહોળા હશે. એના સપનામાં હું હોઈશ.

તારે એને સંદેશો કહેવો - 'એક સરખા કોઈના દિવસ જતા નથી. ભાગ્યનું ચક્ર નીચે જાય, પરંતુ પછી ઉપર પણ આવે. જેમ જેમ કરીને આંખો મીંચીને, બાકીના દિવસો પસાર કરી નાખજે. પછી તો ભગવાન સારંગ પાણિ શેષનાગ ઉપરથી ઊભા થશે અને પછી મારી સજાને અંત આવશે. અત્યારે આપણી દશા ખરાબ છે ? પરંતુ પછી સુધરી જશે. ત્યાર પછી આપણે પહેલાંની જેમ જ આનંદથી હરીભરી રાત્રિઓ પસાર કરીશું.'

હે મેઘ ! તારે તારી ભાભીને આ સંદેશો આપવો પરંતુ તારો તારી પ્રિયતામા વીજળી સાથે કયારેય પણ વિયોગ ન થાવ.'

મેં આ રીતે મેઘને શુભેચ્છા આપી.

# ૧૯૬૨માં ચીને ભારત પર કયા મહિનામાં આક્રમણ કર્યું હતું ?



## ખજાનો

અનિલ પટેલ

### વિશ્વનો ઈતિહાસ

૧ શૂન્યની શોધ કોણે કરી હતી ?
(અ) આર્યભટ્ટ (બ) કણાદ
(ક) એરીસ્ટોટલ (ડ) ગેલેલીયો

૨ ચીનની સંસ્કૃતિ કઈ નદીના કિનારે વિકસી હતી?
(અ) યલો રિવર (બ) સોનગુઆ રીવર
(ક) હો-આંગ-હો (ડ) લી-ઓ-રિવર

૩ ઈ.સ. ૭૧૨માં હિન્દુસ્તાન પર કયા આરબ સરદારે ચઢાઈ કરી હતી ?
(અ) મહમદ ઘોરી (બ) બાબર
(ક) સિકંદર લોદી (ડ) મહમદ કાસમ

૪ 'કેપ ઓફ ગુડ હોપ' ની શોધ કોણે કરી હતી?
(અ) મેગેલને (બ) બોર્થો લોમ્પુ ડાયઝ
(ક) કોલંબસ (ડ) વાસ્કો-ડી-ગામા

૫ હેરી એસ ટ્રુમેન કયા દેશના રાષ્ટ્રપતિ હતા ?
(અ) ફ્રાન્સ (બ) જર્મની
(ક) અમેરિકા (ડ) બ્રિટન

૬ કોન્સ્ટેન્ટિનોપલનું પતન કઈ સાલમાં થયું હતું ?
(અ) ઈ.સ. ૧૪૪૦ (બ) ઈ.સ. ૧૪૫૩
(ક) ઈ.સ. ૧૪૬૦ (ડ) ઈ.સ. ૧૪૬૬

૭ 'કુઓમિંતાંગ' રાષ્ટ્રીય પક્ષના સ્થાપક ડૉ. વિનાયત સેન કયા દેશનાં હતા ?
(અ) નેપાળ (બ) ભૂતાન
(ક) જાપાન (ડ) ચીન

૮ ઈંગ્લેન્ડને વેપારીઓનો દેશ તરીકે કોણ ઓળખાવ્યો હતો?
(અ) મેક્યાવેલી (બ) હિટલર
(ક) નેપોલિયન (ડ) જોસેફ મેજીની

૯ ઈજિપ્તે સુએજ નહેરનું રાષ્ટ્રીયકરણ કયારે કર્યું ?
(અ) ઈ.સ. ૧૯૫૦ (બ) ઈ.સ. ૧૯૫૬
(ક) ઈ.સ. ૧૯૬૫ (ડ) ઈ.સ. ૧૯૭૦

૧૦ ૧૯૧૭ની રશિયન ક્રાંતિ બીજા કયા નામે ઓળખાય છે ?
(અ) બોલ્શેવિક ક્રાંતિ (બ) રક્ત ક્રાંતિ
(ક) શ્વેત ક્રાંતિ (ડ) મેન્શેવિક ક્રાંતિ

૧૧ ૧૯૬૨માં ચીને ભારત પર કયા મહિનામાં આક્રમણ કર્યું હતું ?
(અ) ૧૨ ઓગસ્ટ (બ) ૧૯ સપ્ટેમ્બર
(ક) ૨૦ ઓગસ્ટ (ડ) ૧૦ નવેમ્બર

૧૨ સેક્યુલર નિકોટર કોના સેનાપતિનું નામ હતું ?
(અ) સિકંદર (બ) નેપોલિયન
(ક) હિટલર (ડ) મુસોલિન

૧૩ હિટલરની પ્રેમિકાનું નામ શું હતું ?
(અ) જાને અસ્ટેન (બ) સોજોઈર્નર ટ્રુથ
(ક) કેથરીન (ડ) ઈવા બ્રાઉન

૧૪ 'બ્લેક શર્ટ' કોના પક્ષનું નામ છે ?
(અ) મુસોલીન (બ) કાર્લ માર્કસ
(ક) લેનિન (ડ) શેક્સપિયર

૧૫ પેરિસની સંધિ કયા બે દેશો વચ્ચે થઈ હતી ?
(અ) ફ્રાન્સ - ઈંગ્લેન્ડ (બ) ઈંગ્લેન્ડ - અમેરિકા
(ક) અમેરિકા - ફ્રાન્સ (ડ) ઈંગ્લેન્ડ - જર્મની

### વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા દિવસોની મહત્ત્વની ઘટનાઓ**

- **૧૯ જુન :**
  - યુરોપના મહાન ગણિતજ્ઞ બાઈસ પાસ્કલનો જન્મદિવસ (૧૬૨૩)
  - ગુજરાતી રંગભૂમિના જાણીતા અભિનેતા - દિગ્દર્શક અને લેખક પી. ખરસાણીનો જન્મદિવસ (૧૯૨૬)
  - વોશિંગ્ટનમાં પ્રથમ વખત 'ફાધર ડે' ની ઉજવણી થઈ (૧૯૧૦)
  - ભારતીય ઉપગ્રહ 'એપલ'નું પ્રક્ષેપણ થયું (૧૯૮૧)
- **૨૦ જુન :**
  - ભારતના મહાન ઉદ્યોગપતિ લક્ષ્મણરાય કિર્લોસ્કરનો જન્મ દિવસ (૧૯૬૯)
  - સાહિત્યકાર હીરાલાલ ત્રિભોવનદાસ પારેખનું નિધન (૧૯૩૮)
  - પક્ષીવિદ સલીમ અલીની પુણ્યતિથિ (૧૯૮૭)
  - ભારતીય નવલકથાકાર વિક્રમ શેઠનો જન્મદિવસ (૧૯૫૨)
- **૨૧ જુન : વિશ્વ યોગદિન / વર્લ્ડ મ્યુઝિક ડે**
  - આરએસએસના સ્થાપક ડૉ. હેડગેવારનું નિધન (૧૯૪૦)
  - લોર્ડ માઉન્ટ બેટને ગર્વનર જનરલ પદેથી રાજીનામું આપ્યું (૧૯૪૮)
  - સી. રાજગોપાલાચારી ભારતના પ્રથમ ગર્વનર જનરલ બન્યા (૧૯૪૮)
  - પી નરસિંહરાવ ભારતના વડાપ્રધાન બન્યા (૧૯૯૧)
- **૨૨ જુન :**
  - ઈટાલીના રાજનીતિજ્ઞ નિકોલો મેક્યાવેલીનું નિધન (૧૫૨૭)
  - બ્રિટીશ કવિ વોલ્ટર-દ-લામેરનું નિધન (૧૯૫૬)
  - વોટર લૂના યુદ્ધ બાદ નેપોલિયને બીજી વખત પદ ત્યાગ કર્યો (૧૮૧૫)
  - બીજા વિશ્વયુદ્ધમાં જર્મનીના હાથે ફ્રાન્સનો પરાજય થયો (૧૯૪૧)
- **૨૩ જુન : વિશ્વ ઓલિમ્પિક દિવસ**
  - શ્યામાપ્રસાદ મુખરજીનું નિધન (૧૯૫૩)
  - ઈન્દિરા ગાંધીના મોટાપુત્ર સંજય ગાંધીનું અવસાન (૧૯૮૦)
  - ગુજરાતી ભાષાના મહાન સેવક પ્રબોધ બેચરદાસ પંડિતની જન્મજયંતિ (૧૯૨૩)
  - શેખ હસીના વાજીદે બાંગ્લદેશના વડાપ્રધાન નિયુક્ત થયા (૧૯૯૬)
- **૨૪ જુન :**
  - ભારતીય કલાસાહિત્યના સંસ્કૃતજ્ઞ પંડિત ડૉ નોર્મન બ્રાઉનનું નિધન (૧૯૭૫)
  - ભારતીય શાસ્ત્રીય સંગીતના શિરમોર પંડિત ઓમકારનાથ ઠાકુરનો જન્મદિવસ (૧૮૯૭)
  - ક્રાંતિકારી દામોદર હરિ ચાંપેકરનો જન્મદિવસ (૧૮૯૮)
  - વિશ્વ પ્રસિદ્ધ ચિત્રકાર પાબ્લો પિકાસોના ચિત્રોનું પ્રથમ પ્રદર્શન પેરિસમાં યોજાયું (૧૯૦૧)
- **૨૫ જુન :**
  - હિદુસ્તાનના છેલ્લા વાઈસરોય લૂઈ માઉન્ટ બેટનનો જન્મદિવસ (૧૯૦૦)
  - ભારતના પૂર્વ વડાપ્રધાન વિશ્વનાથ પ્રતાપસિંહનો જન્મદિવસ (૧૯૩૧)
  - રામપ્રસાદ બિસ્મિલની જન્મજયંતિ (૧૮૯૭)
  - અભિનેત્રી કરિશ્મા કપૂરનો જનમદિવસ (૧૯૭૪)

### ગત સપ્તાહના સવાલનો જવાબ

**હાલમાં મહારાષ્ટ્ર રાજયના રાજયપાલ કોણ છે ?**
**જવાબ : ભગતસિંહ કોશિયારી**

### સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) ઋજિત રાવલ : ૧૨૨૨/૨, સે-૭ડી (૨) મહેશ એમ જાદવ : ગૂજરાત વિદ્યાપીઠ (૩) નટુભાઈ દરજી : પેથાપુર (૪) શિવાંગ પટેલ : સરગાસણ (૫) જયેન્દ્રપ્રસાદ પાઠક : સે-૬ (૬) પંકજ આર પ્રજાપતિ : ઉવારસદ (૭) મૂળજીભાઈ પરમાર : સે-૭

### આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

**તાજેતરમાં ભારત અને ચીનના સૈનિકો વચ્ચે કયા સ્થળે હિંસક ઝડપ થઈ જેમાં બંને પક્ષે સૈનિકો શહિદ થયા ?**

**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ**
**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

# સમાજના બે સ્તંભ : દીકરી અને પુત્રવધુ



## રંગ-ઉમંગ

કાનન ઓઝા

(ગતાંકથી આગળ...)

સુખી બાપની વ્યાખ્યા શી આપી શકાય? જેની દીકરી સુખી તેનો બાપ સુખી. તે જ રીતે દુઃખી બાપની વ્યાખ્યા આપવી હોય તો કહી શકાય કે, જેની દીકરી દુઃખી હોય તેનો બાપ દુઃખી. આર્થિક રીતે ખૂબ જ ગરીબ બાપ પણ દીકરીને સુખી જોઈને મનોમન માલદાર બની જાય છે, તો આર્થિક રીતે કરોડપતિ બાપ દીકરીને દુઃખી જોઈને દુનિયાનો સૌથી ગરીબમાં ગરીબ વ્યક્તિ હોય તેવું અનુભવે છે. દીકરી એ તો બાપનો શ્વાસ અને વિશ્વાસ છે!

વર્તમાન સમયમાં બાપના ઘેર દીકરીઓ પહેલાં કરતાં વધારે સ્વતંત્ર બની છે. બાપના ઘેર તેને પોતાની મરજી મુજબ, પોતાની રીતે જીવવાનો હક્ક છે, તે ધાર્યું કરે છે અને કરાવે છે. માબાપ પણ દીકરીને મહત્વ આપવા લાગ્યા છે, પણ આ દીકરી જયારે વધૂનાં સ્વરુપમાં સાસરે જાય છે, ત્યારે એક જ સેકન્ડમાં તેનું અસ્તિત્વ બદલાઈ જાય છે. બાપના ઘેર ચકલીની માફક ઉડાઉડ કરતી દીકરી સાસરીમાં જાણે કે પાંજરે પૂરાઈ જાય છે. બાપને ઘેર બુલબુલની જેમ ગૂંજન કર્યા કરતી દીકરી સાસરીમાં મૌનની ભાષા શીખી જાય છે. બાપના ઘેર હુકમનો એક્કો બનીને રાજ કરતી આજની દીકરીઓ સાસરીમાં જાય છે ત્યારે મૌનની ભાષા શીખી જાય છે. તેટલું જ નહીં સાસરીયાં પણ કયારેક કહેતા હોય છે કે, એમાં વહુને શું પૂછવાનું ? આમ ભૂતકાળની સરખામણીએ આજના સમયમાં બાપના ઘેર દીકરીના સ્થાનમાં જેટલું પરિવર્તન આવ્યું છે. તેટલું પરિવર્તન સાસરીમાં પુત્રવધૂના સ્થાનમાં આવ્યું નથી. હકીકતમાં પિયરમાં બાપને ઘેર દીકરીનું જે સ્થાન છે, જેટલો મોભો છે, જે મહત્ત્વ છે, તે દરેક બાબત સાસરીમાં પણ પુત્રવધુ માટે લાગુ પડવી જોઈએ. સાસરીમાં ઘરમાં લેવાતા નિર્ણયોમાં પુત્રવધુને સામેલ કરવી જોઈએ. પોતાના બાપને ઘેર જેનો હક્ક હતો એટલો જ હક્ક સાસરીમાં તેને આપવો જોઈએ. આમ છતાં આવું મોટાભાગે સાસરીમાં પુત્રવધુ માટે જોવા મળતું નથી. તેની સાથે દીકરીની સરખામણીમાં ઓરમાયું વર્તન કરવામાં આવે છે. પરણીને હજી તો સાસરીમાં બે જગ મૂકે છે ત્યાં જ પડોશની સ્ત્રીઓ પૂછતી હોય છે કે, વહુ શું શું લઈને આવી.

હકીકતમાં એમ પૂછવું જોઈએ કે, વહું શું શું છોડીને આવી ! ઘણાં પરિવારો પોતાની દીકરી માટે તેના સાસરીયા પાસે જે અપેક્ષાઓ રાખે છે, તે બાબતો પોતાના ઘરમાં પુત્રવધુ બનીને આવેલી કોઈની દીકરીને સંતોષતા નથી. આજે પણ મોટાભાગે સાસુ-વહુ વચ્ચેના સંબંધો મા-દીકરી જેવા જોવા મળતા નથી. સાસુ-સસરા અને નણંદે પોતાના વિચારોમાં પરિવર્તન લાવવાની જરૂર છે. સમાજમાં પુત્રવધુના સ્થાનમાં હકારાત્મક પરિવર્તન લાવવું તે સુશિક્ષિત, પ્રગતિશીલ સમાજની નિશાની છે.

કોઈકની દીકરી લગ્ન કરીને વહુ બનીને જયારે સાસરીમાં આવે છે ત્યારે આવતાની સાથે જ તેને ઘરકામમાં જોતરી દેવામાં આવે છે. 'સારું જમવાનું બનાવે છે' એમ કહીને ગૌરવ લેતી સાસુમાને વહુના કલા-કૌ શલ્યો કે અન્ય આવડત, રસ, જ્ઞાન વગેરે વિશેની જાણકારી મેળવવાનું જરૂરી લાગતું નથી. ઘરમાં શું ખાવું, શું લાવવું, કયાં જવું, નોકરી કરવી કે નહીં વગેરે સાસરિયાએ જ વિચારવાનું. દીકરીમાંથી વહુ બનતા જ જાણે એક વ્યક્તિત્વનો નાશ થઈ જાય છે અને જે નવું વ્યક્તિત્વ ઊભું થાય છે તે બાપડું અને બિચારું બની જાય છે. પોતાની જાતને ભણેલા કે સુશિક્ષિત ગણતા આ લોકો સાવ નઠોર બની જાય છે.

પોતાની દીકરીને ત્યાગમૂર્તિ એન નસીબદાર ગણાતા લોકો વહુ બનીને આવેલી અન્યની દીકરી માટે એવું નથી વિચારતા. આવા લોકોને પ્રશ્ન પૂછવાનું મન થાય કે, પોતાની દીકરીને જેટલી બાબતોમાં જેટલી સ્વતંત્રતા આપો છો તેટલી સ્વતંત્રતા પોતાની પુત્રવધુ માટે કરો છો ?

પિયરમાંથી સાસરીયમાં એક નવા જ વાતાવરણમાં નવા જ સભ્યો સાથે આવેલી પુત્રવધુને સલાહ-શિખામણ કરતાં સહકાર અને હૂંફની વધુ જરૂરી છે. પોતાની દીકરીને લાડ કરતાં અને ઊંચી રાખતા માબાપ પોતાની પુત્રવધુને પ્રોત્સાહનના બે શબ્દો પણ કહેતાં નથી. હકીકતમાં પુત્રવધુનું સ્થાન પુત્ર કરતાં વધુ હોવું જોઈએ.

પોતાના પરિવારને ખીલવવો છે? સુગંધથી મહેંકતો કરવો છે ? આનંદથી ભર્યો ભર્યો રાખવો છે ? તો વહુને સવાઈ દીકરી બનાવો. તમારા કુટુંબના વિકાસ માટે પુત્રવધુને વિકાસની પૂરતી તક આપો. જેની પુત્રવધુ વિકસિત તેનું કુટુંબ વિકસિત. પુત્રવધુ જેટલી ખુશ તેટલું કુટુંબ ખુશ. ભાવી પેઢીના ઘડતર અને વિકાસ માટે સમાજના મુખ્ય બે સ્તંભ દીકરી અને પુત્રવધુ મજબૂત હોવા જોઈએ.